વડીલોને વંદન અભિનંદન

બિપીનચંદ્ર શાંતિલાલ વૈષ્ણવ
(૧૯૩૩)ફોન: ૨૩૨૨૧૩૮૦

નવીનચંદ્ર એચ. શાહ
(૧૯૪૫)ફોન: ૨૩૨૩૨૦૫૮

શશીકાન્તભાઈ પી. પનારા
(૧૯૫૧)મો.૯૭૨૬૧૬૧૩૭૮

મોડાસા નજીક હાઈવે પર બે ટ્રકોની લૂંટ થઈ હતી

અઢી કરોડના કોપર સાથે બે ટ્રકની લૂંટનો ભેદ ઉકેલાયો

નવ લૂંટારૂ શખ્સોએ ટ્રકના ડ્રાઈવર-કંડકટરને બંધક બનાવીને લૂંટ કરી હતી : નાકાબંધી કરી પોલીસે બન્ને ટ્રકો પકડી પાડી

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા જિલ્લામાં મોડાસા બાયપાસ પાસે રાત્રિના અગિયાર વાગ્યે નવ લૂંટારુઓની ટોળકી દ્વારા બે ટ્રક-ટ્રેલરના ડ્રાઈવર-કંડકટરોને બંધક બનાવી મારી મારી જંગલના નિર્જન સ્થળે છોડી દઈ રૂપિયા અઢી કરોડના કોપરનો જથ્થો ભરેલી બે ટ્રેલર-ટ્રકો લઈ ફરાર થઈ ગયા હતા. મોડાસા ટાઉન પો. મથકે નોંધાયેલા આ અંગેની ફરિયાદ અન્વયે ડીવાયએસપી કે. બી. મીલાની રાહબરી અને પી.આઈ. પી. કે. પટેલના માર્ગદર્શન હેઠળ હે.કો. રતિલાલ મેઘાએ આ અંગે તપાસનો દોર ચાલુ કર્યો હતો. તે દરમિયાન નાકાબંધી દરમિયાન આ બન્ને ટ્રેલરો-ટ્રકો રાજસ્થાનના વીછીવાડા પાસેથી એક અને એક ગુલાબપુરા પાસેથી ઝડપી લેવામાં રાજસ્થાન પોલીસને સફળતા મળી હતી.

મોડાસા-માલપુર રોડ બાયપાસ ઉપર મોડાસાના આનંદપુરાની સીમમાં રાત્રિના ૧૧ વાગ્યાના સુમારે આ બે ટ્રકોની લૂંટ કરવામાં આવી હતી. ચોથી જાન્યુઆરી-૧ ઉના રોજ મોડાસા ટાઉન પો.મથકની હદના આ સ્થળે લૂંટાયેલી બન્ને ટ્રકોને રાજસ્થાનની સરહદમાં નાકાબંધી દરમિયાન ઝડપી લેવાયા હતા. જે મુદ્દામાલ સાથે આજરોજ મોડાસા ખાતે લાવવામાં આવી હતી.

બનાવની વિગત એવી છે કે રાત્રે મોડાસા, બાયપાસ પાસે આનંદપુરાકંપા પાસે એક અજાણ્યા ટ્રકમાં બેઠેલા નવ લૂંટારુઓએ આ ટ્રક રોડ વચ્ચે ઉભી રાખીને માલપુરથી મોડાસા તરફ આવતી કોપર ભરેલી બંને ટ્રકો રોકીને તેના ડ્રાઈવર કંડકટરોને મૂઢ મારી, બન્નેના હાથપગ, મોંઢા બાંધી દઈને લૂંટારૂ ટોળકીએ અલગ લાવેલ ટ્રકમાં નાખી રાજસ્થાનની સરહદમાં જંગલ વિસ્તારમાં છોડી દીધા હતા.

દરમિયાન લૂંટારુઓએ રૂપિયા અઢી કરોડનો કોપરનો જથ્થો ભરેલી બે ટ્રકો-ટ્રેલર (ટ્રક ન. આરજે-૦૬-જીએ-૮૨૧૪, જીજે-૦૫-એયુ-૧૦૧૯) કોઈ અંતરિયાળ રસ્તે થઈને રાજસ્થાનમાં પ્રવેશી ગઈ હતી. અને આ બાજુ છોડી દેવાયેલ કંડકટરે ફોન કરી સમગ્ર ઘટનાની જાણ તેના માલિકને કરતાં રાજસ્થાન પોલીસે નાકાબંધી કરી હતી. તે દરમિયાન આ બંને ટ્રકો એકને રાજસ્થાનના વીછીવાડા પાસેથી અને બીજીને ગુલાબપુરા પાસેથી ઝડપી લેવામાં આવી હતી. જેમાં કોપરનો રૂા. ૨.૫૦ કરોડનો જથ્થો અકબંધ રેલો હતો. રાજસ્થાન પોલીસે મોડાસા ટાઉન પો.મથકે જાણ કરતાં પીઆઈ. પી. કે. પટેલે આ અંગે જગદીશ રતિલાલ મેઘાને રાજસ્થાન મોકલીને બંને ટ્રેલરો મોડાસા મંગાવી દીધા હતા. અને કબજે લઈ વધુ તપાસ હાથ ધરી હતી. બંને ટ્રેલરો સાથેનો મુદ્દામાલ રૂા. ૨,૯૬,૧૦,૫૦૦/- થવા જાય છે. અલબત્ત લૂંટારૂ ટોળકી નાસી છૂટી હોઈ કોઈ આરોપી ઝડપાયા નથી. નવા વર્ષની આ વિસ્તારની સૌથી મોટી લૂંટ છે.

સ્વર્ણિમ પાર્ક નજીક સ્થિત ઘ-૪ સર્કલને વાઈબ્રન્ટ લૂક અપાયો

સર્કલ ફરતેની સરફેસ પણ ચકાચક બનાવી દેવાઈ

ગાંધીનગર, તા.૭

સમગ્ર શહેરને વાઈબ્રન્ટ લૂક આપવા મોટાભાગનું કામ પૂર્ણ કરી દેવાયું છે. સ્વર્ણિમ પાર્ક નજીક સ્થિત ઘ-૪ના વિશાળ સર્કલની પણ કાયાપલટ કરી દેવાઈ છે. સર્કલ ફરતે માર્ગની સરફેસ લીસી બનાવવા પણ તંત્રની ટીમ કામે લાગી છે. ઝગમગતી રોશનીના લીધે રાત્રિના સમયે પણ આ વિસ્તારની રોનક નિખરી છે.

વાઈબ્રન્ટ સમિટને લઈ છેલ્લા ૧૫ દિવસથી તંત્ર તડામાર તૈયારીમાં લાગી ગયું છે. શહેરના પ્રવેશદ્વારોથી મુખ્યમાર્ગોની રોનક નિખારવા સફાઈ, રંગરોગાન અને પ્લાન્ટેશન સહિતની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. માર્ગોની મધ્યમાં સ્થિત સેન્ટ્રલવર્જની પણ સફાઈ કરી દેવાઈ છે. જેમાં રંગબેરંગી ફૂલો નિખરેલા પણ જોવા મળે છે.

બીજી તરફ શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત ૨૧ જેટલા સર્કલોની જાળવણીનું કામ પણ હાથ ધરાયું છે. આ પૈકી મોટાભાગના સર્કલોમાં સૂકાયેલા ઘાસના બદલે હરિયાળી પથરાયેલી જોવા મળે છે. સર્કલોને આકર્ષક બનાવવા ખાનગી સંસ્થાઓ કામે લાગી છે. બીજી તરફ નગરના મુખ્ય માર્ગ પર સ્થિત વિશાળ ઘ-૪ સર્કલ આકર્ષણનું કેન્દ્ર બની રહે તેવા પ્રયાસો હાથ ધરાયા છે. સ્વર્ણિમ પાર્કથી નજીકના આ સર્કલની સાફસફાઈ-રંગરોગાન તેમજ પ્લાન્ટેશનથી સુશોભિત કરાયા બાદ રંગબેરંગી રોશની પણ લગાવી દેવાઈ છે. જ્યારે સર્કલ ફરતે માર્ગની સરફેસ પણ ચકાચક બનાવી દેવાઈ છે. આ કામગીરી દરમિયાન આ વિસ્તારમાં ટ્રાફિકની અવર જવર વન વે થઈ ગઈ હતી. સવારે પીકઅવર્સ દરમિયાન ચક્કાજામના દૃશ્યો સર્જાયા હતા.

ગાંધીનગર સમાચાર પરિવારના અરવિંદસિંહના લઘુબંધુ ભરતસિંહ વાઘેલાનું અવસાન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સમાચાર સ્ટાફ પરિવારના શ્રી અરવિંદસિંહ ભવાનસિંહ વાઘેલાના ૪૧ વર્ષીય લઘુબંધુ શ્રી ભરતસિંહ ભવાનસિંહ વાઘેલાનું ટુંકી માંદગી બાદ આજરોજ દુઃખદ અવસાન થયું છે. તેઓ તેમની પાછળ પત્ની, બે દીકરા અને એક દીકરીને વિલાપ કરતા મુકી ગયા છે.

આજે બપોરના રોજ નીકળેલ સ્વ. ભરતસિંહ વાઘેલાની અંતિમ યાત્રામાં પેથાપુર ગામના અગ્રણીઓ, પરિવારજનો, મિત્રો અને ગાંધીનગર સમાચારનો સ્ટાફ પરિવાર જોડાયો હતો. પેથાપુર ગામના મુક્તિધામ ખાતે તેમનો મૃતદેહ પંચમહાભૂતમાં વિલીન થયો હતો. સ્વર્ગસ્થ ભરતસિંહ વાઘેલાનું બેસણું તા. ૧૧-૧-૧ ઉને શુક્રવારના રોજ સવારના ૧૦ થી ૨ કલાક દરમ્યાન માધવ વિહાર સોસાયટી, પેથાપુર ચાર રસ્તા, મુ.પો. પેથાપુર તા. જિ. ગાંધીનગર ખાતે રાખેલ છે.

દિલ્હી ગેંગ રેપના મામલે આસારામ બાપુએ કરેલા નિવેદનને કારણે ભારે હોબાળો મચી ગયો છે આને લઈને આજે દેખાવો કરવામાં આવ્યા હતા.

પોલીસને હાથતાળી આપી બળાત્કારનો આરોપી ફરાર

કલોલ પોલીસ ગુન્હાની તપાસમાં પાંણાઈ ગામે કેદી સાથે આવી હતી

ખેડબ્રહ્મા,તા. ૭

બળાત્કારના ગુનામાં કલોલ તાલુકા પોલીસે ધરપકડ કરી તપાસ માટે તે શખ્સને ખેડબ્રહ્મા લઈ જવાયો હતો. તે દરમિયાન પોલીસને ચકમો આપી આરોપી રફુચક્કર થઈ જતા ચકચાર મચી જવા પામી છે. ફરાર થઈ ગયેલા આરોપીને પકડવા પોલીસે શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કલોલ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૩/૨ ઉના આઈ.પી.સી.કલમ ૩૬૬, ૩૭૬, ૫૦૬(૨), ૫૦૭, ૧૧૪ મુજબ પકડાયેલ આરોપી પ્રહલાદભાઈ ઉર્ફે ગગો આત્મારામ કચરાભાઈ વાઘેલા રહે. બુણાસડા રોડ છત્રાલ કલોલથી રીમાન્ડ પર તા. ૬ જાન્યુઆરી-૨૦૧ ઉના રોજ ખેડબ્રહ્માના પાંણાઈ ગામે તપાસમાં લઈ ગયેલ હતા. તપાસ પુરી કર્યા પછી પરત ફરતા ખેડબ્રહ્મા એસ.ટી. સ્ટેન્ડ પાસે આરોપીને લઘુશંકા જવા માટે ઉતારતા લઘુશંકા માટે જતા પોલીસ અને કેદી વચ્ચે એસ.ટી. બસ આવી જતા આરોપી તકનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. આ અંગે કલોલ પી.એસ.આઈ. આર.સી. બ્રહ્મભટ્ટે ખેડબ્રહ્મા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે શોધખોળ હાથ ધરી છે.

ફેથ સ્કૂલ, હિંમતનગરના બાળકો રાજયપાલશ્રીની મુલાકાતે

ગાંધીનગર, તા.૭

ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજી આજે રાજભવન ખાતે ફેથ સ્કૂલ, હિંમતનગરના બાળકોને મળ્યા હતા. આ મુલાકાત દરમિયાન રાજયપાલશ્રીએ નાનાં ભૂલકાઓ સાથે રસપ્રદ વાતચીત કરી બાળકોને ખુશ કરી દીધા હતા. આચાર્યએ શાળાની વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો. આ પ્રસંગે શાળાના શિક્ષકો તથા સ્ટાફના સભ્યો પણ હાજર રહ્યા હતાં.

ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશનનું બુધવારે સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૭

ડેમોક્રેટિક પીપલ્સ અસોસિયેશન ગુજરાત ગાંધીનગરના ઉપક્રમે તા.૯મી જાન્યુઆરીએ સંસ્થાના સભ્યશ્રીઓને સ્નેહમિલન બપોરે ત્રણ વાગે, શ્રી એન. લેઉવા નિવૃત્ત આઈ.એ. એસ.ના અતિથિ વિશેષ સ્થાને ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલમાં યોજાયેલ છે. સંસ્થાના વરિષ્ઠ સભ્યશ્રીઓનું સન્માન કરવામાં આવશે. સંસ્થાનના પ્રમુખશ્રી ભાનુકાન્ત પરમાર અને મૂળજીભાઈ પરમાર 'દધિ' એ જણાવેલ છે.

જૈન મુનિઓને થતાં અકસ્માતને અનોપ મંડળની તપાસ માંગણી

ગાંધીનગર, તા. ૭

જૈન સમાજ દ્વારા અનોપ મંડળ ઉપર લગાવેલો આક્ષેપ તદ્દન ખોટા અને પાયા વિહોણા છે. ૨૦૦૯માં વણ આવો જ આક્ષેપ અનોપ મંડળ પર જૈનોએ લગાવેલો, જે અંગેની તપાસ કરવામાં આવી હતી. તપાસમાં આક્ષેપોની વાત ખોટી સાબિત થઈ હતી.

જૈન સમુદાયના સાધુ સંતો વહેલી સવારે દિવસે અને સાંજે મોડા સુધી રસ્તાઓ પર ચાલતા હોય છે. પરિણામે કોઈક વખત વાહનની ટક્કરથી જીવલેણ અકસ્માત સર્જાય છે. જેને અનોપ મંડળ ઉપર આક્ષેપો લગાવાય છે. જેને અનોપ મંડળ વખોડે છે. જે સાચા નથી. જૈન મુનિઓની અકસ્માતની ઘટનાથી તપાસ સી.બી. આઈ. દ્વારા કરાવવા અને જૈન મંડળે કરેલ છે.

પ્રકૃતિની ગોદમાં ૩૫૦ વિદ્યાર્થીઓ સ્કાઉટ ગાઈડ જિલ્લા રેલીમાં જોડાયા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના અક્ષરધામ સામે આવેલા તાલીમ અને વન સંશોધન સંકુલ બોરીજ ખાતે તાજેતરમાં બે દિવસની સ્કાઉટ ગાઈડ જિલ્લા રેલી યોજાઈ હતી. વન્ય જીવ તાલીમ વિભાગ ગાંધીનગરના સહયોગથી યોજાયેલ જિલ્લા રેલીમાં ગાંધીનગર, માણસા, કલોલ અને દહેગામની શાળાઓના ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓ ખાસ જોડાયા હતા અને વન પ્રકૃતિની ગોદમાં રહી વિવિધ કાર્યક્રમો માણ્યા હતા.

સ્કાઉટ ગાઈડ જિલ્લા રેલી ઉદઘાટન સમારંભના ઉદઘાટક તરીકે ગાંધીનગર વન સંરક્ષક આર.બી. ઝાલા, અધ્યક્ષ તરીકે ગાંધીનગર મનપા સ્ટેન્ડીંગ કમિટીના ચરમેન, પ્રવીણભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજય ભારત સ્કાઉટ ગાઈડ સંઘના માનદ્ રાજય મંત્રી સવિતાબેન પૂજારા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને આ પ્રસંગે વન્ય જીવ વિશે મદદનીશ વન સંરક્ષક હેમંતભાઈ સુથારે ખાસ પ્રવચન આપ્યું હતું. આર.એફ.ઓ. વન્ય જીવ તાલિમ વિભાગ ગાંધીનગરના ફેકલ્ટી જી.સી. પટેલ, નાયબ વન સંરક્ષક તુલસીભાઈ પટેલે પણ આ પ્રસંગે પ્રાસંગિક વકતવ્ય આપી કાર્યક્રમને ઉજળો બનાવ્યો હતો.

કાતિલ ઠંડીથી લોકોને કોઈ જ રાહત ન મળી : નલિયા ૫.૫

ગુજરાતના નવ શહેરોમાં લઘુતમ તાપમાન ૧૦ ડિગ્રીથી ઓછુ નોંધાયુ : ગાંધીનગરમાં ૮.૪, મહુવામાં ૮.૧ ડિગ્રી

અમદાવાદ, તા. ૭

અમદાવાદ સહિત રાજ્યમાં આજે પણ કાતિલ ઠંડીનું પ્રમાણ યથાવત રહેતા જનજીવન પર અસર પડી હતી.કાતિલ ઠંડીથી લોકોને કોઈ રાહત મળી ન હતી. હજુ કોઈ રાહત નહી મળવાની પણ હવામાન વિભાગે વાત કરી છે. રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં તાપમાન રાત્રી દરમિયાન ઘટી રહ્યું છે. રાજ્યમાં સૌથી વધુ ઠંડી નલિયામાં ૫.૫ ડિગ્રી નોંધાઈ હતી. આ ઉપરાંત તીવ્ર ઠંડીનું પ્રમાણ અમદાવાદ ૮.૭, ડિસા ૭.૦, વલસાડ ૮.૧ ડિગ્રી, ગાંધીનગરમાં ૮.૪,મહુવામાં ૮.૧ અને દીવ ૯.૧ ડિગ્રી નોંધાયું હતુ. રાજ્યમાં ઠંડીમાં વધારો થતા સામાન્ય જનજીવન પર અસર પડી છે. રાજ્યમાં કાતિલ ઠંડીના કારણે લોકો ઠુઠવાઈ ગયા છે. અને રાત્રે માર્ગો સુમસામ બની જાય છે. તીવ્ર ઠંડીના કારણે દિવસે પણ લોકોએ ગરમ વસ્ત્રો પહેરવા પડે છે અને રાત્રે ઠંડી સામે રક્ષણ મેળવવા તાપણા અને રૂમ હિટરની મદદ લેવી પડે છે.

ખાસ કરીને બાળકો અને વૃદ્ધોને ઠંડીની અસર વધારે થતી હોવાથી તેમની હાલત કફોડી બની છે. વહેલી સવારે પવન ફૂંકાતા ઠંડીની તીવ્રતા વધુ અનુભવાતી હતી. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં તીવ્ર ઠંડીનું પ્રમાણ ચાલુ રહેશે. અને અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રીની આસપાસ રહેશે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૨૪.૩ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૮.૭ ડીગ્રી સેલ્સીયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૬૪ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૨૬ ટકા નોંધાયું હતું. શહેરમાં ઠંડીનું પ્રમાણ વધતાં હવે લોકોએ સ્વેટર, શાલ, જેકેટ સહિતના ગરમ વસ્ત્રો પહેરવાની શરુઆત કરી દીધી છે. ઠંડી વધતાં રાત્રે રસ્તા સૂમસામ દેખાય છે. અને ઠંડી સામે રક્ષણ મેળવવા તાપણા અને રૂમ હીટરનો ઉપયોગ શરૂ થઈ ગયો છે.

શબ્દાવલી - ૪૯૪૫



આડી ચાવી

૧. ચડાઈ-યુધ્ધનો હુકમ (૪)
૩. પૃથ્વી (૩)
૬. કમણિકા (૪)
૭. એક વાદ્ય (૪)
૯. જ્યોત, મીણબત્તી (૨)
૧૦. મોકો, લાગ (૨)
૧૧. વિમાનની દોડપટ્ટી (૩)
૧૩. ચ્હા જેવું એક પીણું (૨)
૧૪. ગપ્પુ (૨)
૧૭. ખાસ સ્ટાઈલ, હાવ-ભાવ (૨)
૧૮. કોઈ વાતની ખબર પણ ન પડવા દેવી, ... ન પડવી (૩)
૧૯. બુટ-જોડામાં રખાતું પગ આકારનું ચામડું (૪)
૨૦. આયોજન (૪)

ઊભી ચાવી

૧. કળા, આવડવું તે (૪)
૨. ઉલટી, વોમીટ (૩)
૩. ધારણા, સંભાવના (૪)
૪. વાંકુ (૨)
૫. મીઠુ, સબરસ (૩)
૬. એક જૂનું ચલણી નાણું (૪)
૮. ફિકર, ચિંતા (૩)
૧૨. માટી ભરવાનું સાધન (૩)
૧૩. માટી કાઢવાનું સાધન (૩)
૧૫. મોટી પહોળી જગ્યા (૪)
૧૬. ખેપિયો, સંદેશાવાહક (૩)
૧૭. 'અછત' શબ્દ આડોઅવળો (૩)
૧૮. ભક્ત, સેવક (૩)

શબ્દાવલી ૪૯૪૪ના જવાબ

આડી ચાવી :- (૧) સંચાલન (૪) વિચાર (૬) ચાલક (૭) વાદવિવાદ (૧૧) દમક (૧૩) કમાનાર (૧૪) નન (૧૫) કાન (૧૭) લોચન (૧૮) નુર (૧૯) જમ (૨૦) શાન (૨૧) છત

ઊભી ચાવી :- (૧) સંસાર (૨) ચાલ (૩) લકવા (૪) વિખવાદ (૫) રજા (૮) દરાર (૯) દમન (૧૦) સામાપાંચમ (૧૨) કનડગત (૧૫) કાનૂન (૧૬) નર (૧૭) લોજ

ડીસાના થેરવાડા ગામ પાસેથી દોઢ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ડીસા, તા.૭

ડીસા તાલુકા પોલીસે વાહન ચકાસણી દરમિયાન એક ઈન્ડિકા ગાડી શકમંદ જણાતા તેની તપાસ હાથ ધરી હતી. જેમાં વિવિધ માર્કાનો પરપ્રાંતિય વિદેશી દારૂ મળી આવતા પોલીસે ચાલક વિરૂધ્ધ પ્રોહીબીશન એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ડીસા તાલુકા પી.આઈ. ગોસ્વામી અને પોલીસ સ્ટાફ વિઠોદર ગામથી થેરવાડી રોડ પર પેટ્રોલીંગ કરી વાહન ચકાસણી હાથ ધરતા હતા તે દરમિયાન એક શકમંદ ઈન્ડિકા કાર નં. જીજે-૧-એચ પી ૮૭૯૪ સામેથી આવતા તેને રોકાવી હતી. જેમાં તલાશી લેતા પરપ્રાંતિય બનાવટની વિવિધ દારૂ અને વ્હીસ્કીની બોટલો મળી આવી હતી. જેની કિંમત રૂ. ૧.૪૮ લાખ અને ઈન્ડિકા ગાડીની કિંમત ૧ લાખ ગણી ડીસા તાલુકા પોલીસે ૨.૪૮ લાખનો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ છે.

વિનીંગ દોડ લગાવી.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શિયાળામાં સવારે ચાલીને ચુસ્તી-સ્ફૂર્તિ મેળવાં નીકળતાં લોકો જ્યારે ૫-૭ કિ.મી. ચાલવામાંય થાકી જાય છે એવામાં આપણાં જ શહેરનાં નોન પ્રોફેશનલ દોડવીરોએ હાફ મેરેથોન જેવી લાંબા અંતરની સ્પર્ધામાં મેડલ મેળવી ગાંધીનગરને ગૌરવ તો અપાવ્યું જ છે, સાથે કોઈપણ વ્યક્તિ આટલું અંતર દોડી શકે છે એવું સમાજને ઉદાહરણ પણ પૂરું પાડયું છે. ગાંધીનગરના આ દબંગ દોડવીરોને અનેક શુભેચ્છાઓ...

વાઈબ્રન્ટ ગુજરાત.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થાનિક નાગરિકો પણ ઉત્સુક બન્યા છે. વાઈબ્રન્ટ સમિટની તૈયારી માટે દેશના વિવિધ રાજ્યોની એજન્સીઝ, કારીગરોએ પણ શહેરમાં ધામા નાંખ્યા છે. શહેરમાં દેશ-વિદેશના મહાનુભાવો ઉપરાંત અફસરોની ફોજ ખડી થઈ ગઈ છે. સલામતી વ્યવસ્થાને લઈ ૫ હજારથી વધુ પોલીસ અધિકારી-કર્મચારીઓનો કાફલો બંદોબસ્તમાં ગોઠવી દેવાયો છે. આ સઘળી ગતિવિધિઓના અંતે કાતિલ ઠંડીના દિવસોમાં પણ શહેરમાં વાયબ્રન્ટ ફીવરનો ગરમાવો જોવા મળે છે. પાટનગરના આંગણે યોજાનારી વાઈબ્રન્ટ સમિટની આ ઐતિહાસિક ઉજવણીને લઈ સ્થાનિક જનજીવનમાં પણ અનોખી ચહલ-પહલ જોવા મળે છે. વાઈબ્રન્ટના પડઘમથી શહેરમાં ઉત્તેજના છવાઈ છે. વાઈબ્રન્ટ ફીવરની અસર વચ્ચે નગરજનોમાં પણ વાઈબ્રન્ટને વધાવવા થનગનાટ પ્રવર્ત્યો છે. શહેરીજનોની મીટ હાલ માત્ર વાઈબ્રન્ટ તરફ મંડરાઈ છે. સુશોભિત માર્ગો અને ઝગમગતા સર્કલોને લઈ રાત્રીની ઠંડીમાં પણ ઉત્સુક નગરજનો વાઈબ્રન્ટ માટે 'ટોકેટીવ' બન્યા છે. દેશનું સૌથી મોટુ પ્રદર્શન પણ આજે ખુલ્લુ મુકવામાં આવનાર છે.

સભાખંડ પહોંચશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખુલ્લુ મુકવામાં આવશે. આ બાદ મુખ્યમંત્રીશ્રી અને ખાસ આમંત્રિત શ્રીમતિ રીટા મેનન ગોલ્ફ કારમાં સભાખંડ પેવેલિયનમાં પહોંચશે.

અન્ય મહાનુભાવો માટે નેનો તેમજ ઈનોવાકાર પણ ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. આ માટે આજે ગોલ્ફ કાર ગાંધીનગરમાં પ્રદર્શનના સ્થળે લાવી દેવામાં આવી છે. આજે પ્રદર્શન સ્થળની સલામતિ માટે કડક ચકાસણી પણ આખો દિવસ ચાલી હતી.

પ્રદર્શનના સભાખંડ ખાતે પહોંચતા પહેલાં પ્રદર્શન સ્થળે તક્તીનું પણ અનાવરણ કરવામાં આવશે. આ પછી ઉદ્યોગકારોની બેઠકમાં તેને વિધિવત્ ખુલ્લુ મુકાયેલું જાહેર કરવામાં આવશે.

પ્રદર્શનના ઉદ્ઘાટન સમારોહમાં જાણીતા ઉદ્યોગપતિઓ પણ મોટી સંખ્યામાં હાજર રહેનાર છે. આ ઉપરાંત આ સમીટના આયોજનના પાર્ટનરો જાપાન અને કેનેડાના ઉચ્ચ અધિકારીઓ પણ હાજરી આપનાર છે.

પ્રદર્શન ૧ લાખ ચો.મી. જગ્યામાં ઉભુ કરવામાં આવ્યું છે. આ માટેની તૈયારીઓને આખરી ઓપ આપવાની કામગીરી આજે આખી રાત ચાલી હતી. આ પ્રદર્શનમાં ૨૨ ડોમ અને એક હજાર સ્ટોલ્સ ઉભા કરવામાં આવ્યા છે.

માલપુરના લાલસીપુર સીમમાંથી ૧ લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

૬ જાન્યુઆરી-૨૦૧૩ને રાત્રીના ૯.૧૫ કલાકે લાલસીપુર ગામની સીમમાંથી ભરતભાઈ ભગાભાઈ મારવાડી રહે. જીનપુર તા. માલપુરનાઓએ વગર પાસ પરમીટે પોતાના કબજાના બજાજ ડીસ્કવર મોટર સાઈકલ નં. જીજે-૯-સી-એક-૭૪૫૧ ઉપર અંગ્રેજી દારૂ ભરેલ પ્લાસ્ટીકના ૬ વાટરીયા પેટી નંગ-૧૦ કુલ ક્વાટરીયા નંગ-૪૮૦ કિંમત રૂ. ૪૮૦૦૦ તથા મોટરસાઈકલ કિંમત રૂ. ૨૦,૦૦૦ મળી કુલ કિંમત ૬૮૦૦૦ મુદ્દામાલ સાથે ભરતભાઈ ભગાભાઈ મારીવાડને પકડી પાડી અટક કરેલ. માલપુર પોલીસ સ્ટેશને એનાર્મ ઉ.કાં. પ્રવિણભાઈ નાથાભાઈના ૬ જાન્યુઆરી-૨૦૧૩ના રોજ ફરીયાદ નોંધાઈ હતી. બીજી મોટરસાઈકલ પર રાત્રીના ૯.૧૫ કલાકના સમયે લાલસીપુર ગામની સીમમાંથી બાબુભાઈ ઘનાભાઈ ખાંટ રહે. ભેમાપુર તા. મેઘરજનાઓએ વગર પાસ પરમીટ પોતાના કબજાની બજાજની ડીસ્કવર મોટરસાઈકલ નં. જીજે-૯-સીઈ-૭૫૮૯ ઉપર અંગ્રેજી દારૂ ભરેલ પ્લાસ્ટીકના ક્વાટરીયા પેટી નંગ-૧૧ કુલ કવાટરીયા નંગ-૫૨૮ કિ. રૂ. ૫૨૮૦૦ તથા મોટરસાઈકલ કિંમત રૂપિયા ૨૫૦૦૦ મળી કુલ રૂપિયા ૭૭,૮૦૦નો મુદ્દામાલ મુકી નાસી ગયેલાની પોલીસસ્ટેશનના હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહ સરતાનસિંહે ફરીયાદ નોંધાઈ હતી. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જાહેર નિવિદા નં. ૧૦ સને ૨૦૧૨-૨૦૧૩
(બીજો પ્રયત્ન)

૧.	કામનું નામ	પ્રોવાઈડીંગ ઈન્સ્ટોલેશન, કમીશનગીં, અને કોમ્પ્રેહેન્સીવ, મરામત રમતના સાધનો, સચિવાલય જીમખાના, સેક્ટર નં. ૨૧, ગાંધીનગર ખાતે.
૨.	કામની અંદાજીત કિંમત	૨૫,૭૫,૧૯૦/-
૩.	ઓનલાઈન ટેન્ડર ડાઉન /અપલોડીંગ છેલ્લી તારીખ	૨૧/૧/૨૦૧૩ ૧૮.૦૦ કલાકે
૪.	ઓનલાઈન ટેકનીકલ બીડ ખોલવાની તારીખ	૨૯/૧/૨૦૧૩ બપોરે ૧૨.૦૦ કલાકે
૫.	અસલમાં ટેન્ડર ફી ઈએમડી તથા ડોક્યુમેન્ટ મોકલવાની તારીખ	૨૨/૧/૨૦૧૩ થી તા. ૨૮/૧/૨૦૧૩ ૧૮.૦૦ કલાક સુધી
૬.	સોલવંશીનું સર્ટીફિકેટ રૂ.	રૂ. ૫,૧૬,૦૦૦/-

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, શારકામ વિભાગ (માઇમ), પ્રથમ માળે, બેરેક નં. ૪, પોલીટેકનીક કમ્પાઉન્ડમાં, અમદાવાદ - ૩૮૦૦૧૫. (ફોન નં. ૦૭૯-૨૬૩૦૧૩૧૯) દ્વારા બી-૧ ટેન્ડર ફોર્મમાં ફક્ત આ કામના અનુભવી ઉત્પાદક / ઓથોરાઈઝ ડીલર પાસેથી (અનુભવની વિગત વિગતવાર નોટીસમાં જોઈ લેવી) ઓનલાઈન મંગાવવામાં આવે છે. ટેન્ડર ડોક્યુમેન્ટ www.nprocure.com ઉપર ઉપલબ્ધ છે. કોઈ કે બધા ટેન્ડર અસ્વીકાર કરવાનો અધિકાર ખાતાનો અબાધિત રહેશે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપરાંત માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com પર મુકવામાં આવેલ છે.

ક્રમાંક/સંમાનિ/અઇદ/૧૬૬૭/૨૦૧૩